# પગારદાર કર્મચારીઓ માટે ઈન્કમટેક્ષ માર્ગદર્શન
# નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮

૧) **આવકવેરાની મુકતી મર્યાદા :–**

સને.૨૦૧૭–૧૮ થી થયેલ સુધારા મુજબ આવકવેરાની મુકતી મર્યાદા નીચે મુજબ ની રહેશે.

| કરદાતાનો પ્રકાર | નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ ની નવી મુકતી મર્યાદા |
|---|---|
| વ્યકિત / એચ.યુ.એફ. | ૨,૫૦,૦૦૦/– |
| મહીલા કરદાતા | ૨,૫૦,૦૦૦/– |
| સીનીયર સિટિઝન (૬૦ થી ૮૦ વર્ષ સુધીના) | ૩,૦૦,૦૦૦/– |
| સુપર સીનીયર સિટિઝન (૮૦ વર્ષ કે ઉપરના) | ૫,૦૦,૦૦૦/– |

૨) **આવકવેરાના દર :–**

| વ્યકિત / એચ.યુ.એફ./મહિલા કરદાતા | આવક વેરાનો દર |
|---|---|
| પ્રથમ રૂા. ૨,૫૦,૦૦૦/– | કરમુકત |
| રૂા. ૨,૫૦,૦૦૦/– થી ૫,૦૦,૦૦૦/– | ૫% |
| રૂા. ૫,૦૦,૦૦૦/– થી ૧૦,૦૦,૦૦૦/– | ૨૦% |
| રૂા. ૧૦,૦૦,૦૦૦/– થી વધુ | ૩૦% |

પાના નં..૨..

Scanned by CamScanner

| સીનીયર સિટિઝન (૬૦ થી ૮૦ વર્ષ સુધીના) | આવક વેરાનો દર |
|---|---|
| પ્રથમ રૂા. ૩,૦૦,૦૦૦/- | કરમુકત |
| રૂા. ૩,૦૦,૦૦૦/- થી ૫,૦૦,૦૦૦/- | ૫% |
| રૂા. ૫,૦૦,૦૦૦/- થી ૧૦,૦૦,૦૦૦/- | ૨૦% |
| રૂા. ૧૦,૦૦,૦૦૦/- થી વધુ | ૩૦% |

| સુપર સીનીયર સિટિઝન (૮૦ વર્ષ કે ઉપરના) | આવક વેરાનો દર |
|---|---|
| પ્રથમ રૂા. ૫,૦૦,૦૦૦/- | કરમુકત |
| રૂા. ૫,૦૦,૦૦૦/- થી ૧૦,૦૦,૦૦૦/- | ૨૦% |
| રૂા. ૧૦,૦૦,૦૦૦/- થી વધુ | ૩૦% |

ઉપરોકત આવકવેરા ના દર પર વધારાનો ૩% એજયુકેશન સેસ ગણવાનો રહેશે.

**ખાસ નોંધ :-** ઉપરોકત એજયુકેશન સેસ ઉપરાંત કોઈપણ પ્રકારનો સરચાર્જ ગણવાનો રહેશે નહિ. કુલ આવક રૂા.૧૦ લાખ થી ઉપર હોય તો પણ ૧૦% નો સરચાર્જ લાગુ પડશે નહિ.

૩) **૩.૫ લાખ સુધીની કરપાત્ર આવક ધરાવતા કરદાતાના કેસમાં રૂા.૨૫૦૦/- સુધીના આવકવેરા રીબેટની જોગવાઈ (નવી કલમ-૮૭એ)**

નાના કરદાતાઓને રાહત મળી રહે તે હેતુસર આવકવેરાના કાયદામાં કલમ ૮૭એ હેઠળ જોગવાઈમાં ફેરફાર કરવામાં આવેલ છે, જે અંતર્ગત રૂા.૩.૫ લાખ સુધીની કરપાત્ર આવક ધરાવતા કરદાતાના કેસમાં તેણે ભરવાપાત્ર આવકવેરા માંથી રૂા.૨૫૦૦/- આવકવેરા રીબેટ તરીકે બાદ મળી શકશે.

પાના નં..૩..

Scanned by CamScanner

૪) **<u>પ્રોફેશનલ ટેક્ષ કપાત :–</u>**

દરેક કર્મચારીને આ વ્યવસાયવેરાની કપાત તેના પગારના આવક સંબંધી પ્રોફેશનલ ટેક્ષની ચુકવણી તેને કલમ ૧૬(૩) મુજબ બાદ મળશે.

૫) **<u>કરમુકત એલાઉન્સીઝ :–</u>**

૧) **<u>ચીલ્ડ્રન એજયુકેશન એલાઉન્સ :–</u>**

દરેક કર્મચારીને પ્રતિ બાળક પ્રતિ માસ રૂ.૧૦૦/– નુ ચીલ્ડ્રન એજયુ. એલાઉન્સ બાદ મળી શકશે. આ એલાઉન્સ વધુ માં વધુ બે બાળકો માટે જ કલેઈમ કરી શકાશે. આથી કુલ બાદ મળવાપાત્ર એલાઉન્સ રૂ.૨૦૦/– પ્રતિ માસ થી વધુ હોઈ શકે નહિ.

૨) **<u>હોસ્ટેલ એલાઉન્સ :–</u>**

દરેક કર્મચારીને પ્રતિ બાળક પ્રતિ માસ રૂ.૩૦૦/– નુ હોસ્ટેલ એલાઉન્સ બાદ મળી શકશે. આ એલાઉન્સ વધુ માં વધુ બે બાળકો માટે જ કલેઈમ કરી શકાશે. આથી કુલ બાદ મળવાપાત્ર એલાઉન્સ રૂ.૬૦૦/– પ્રતિ માસ થી વધુ હોઈ શકે નહિ.

૩) **<u>ટ્રાન્સપોર્ટ એલાઉન્સ :–</u>**

કોઈપણ કર્મચારીને ઓફીસ ડયુટી માટે કોઈપણ પ્રકારનો ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવામાં આવે તો મહતમ રૂ.૧૬૦૦/– પ્રતિ માસ બાદ મળવાપાત્ર રહેશે. આમ વર્ષ દરમ્યાન મહતમ રૂ.૧૯૨૦૦/– નુ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ બાદ મળવાપાત્ર રહેશે.

જો કોઈ કર્મચારી શારીરીક ખોડખાપણ ધરાવતા હોય તો તેમને મહતમ રૂ.૩૨૦૦/– પ્રતિ માસ બાદ મળવાપાત્ર રહેશે. આમ વર્ષ દરમ્યાન મહતમ રૂ.૩૮૪૦૦/– નુ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ બાદ મળવાપાત્ર રહેશે.

૪) **<u>કન્વેયન્સ એલાઉન્સ :–</u>**

કર્મચારીને પોતાની ફરજો બજાવવાના હેતુસર માલીક તરફથી આપવામાં આવેલ કન્વેયન્સ એલાઉન્સ અર્થાત વાહન ભથ્થુ સંપુર્ણ કરમુકત ગણાશે.

પાના નં..૪..

Scanned by CamScanner

૫) **એકેડેમિક, રીસર્ચ ઓર પ્રોફેશનલ પરસુઈટ એલાઉન્સ :–**

શૈક્ષણિક કે સંશોધન સંસ્થામાં કામ કરતા કર્મચારીને તેની નોકરી સંબંધી શૈક્ષણિક, સંશોધન કે તાલીમી પ્રવૃતિઓ હાથ ધરવા માટે પ્રોત્સાહન સ્વરૂપે તેના માલીક તરફથી આપવામાં આવેલ 'એકેડેમિક, રીસર્ચ એન્ડ ટ્રેઈનિંગ પરસુઈટ એલાઉન્સ સંપુર્ણપણે કરમુકત ગણાશે.

૬) **યુનિફોર્મ એલાઉન્સ :–**

કર્મચારીને તેની નોકરી પરની ફરજો દરમિયાન પહેરવા માટે યુનિફોર્મની ખરીદી તેમજ નિભાવ (અર્થાત ધોલાઈ–ઈસ્ત્રી વગેરે) માટેના ખર્ચને પહોંચી વળવા તેના માલીક તરફથી આપવામાં આવેલ 'યુનિફોર્મ એલાઉન્સ સંપુર્ણપણે કરમુકત ગણાશે.

૭) **હાઉસ રેન્ટ એલાઉન્સ યાને ઘરભાડા ભથ્થું :–**

ઈન્કમટેક્ષ કાયદાની કલમ ૧૦ (૧૩એ) મુજબ કર્મચારીને પોતાના માલીક તરફથી ઘરભાડા ભથ્થુ યાને "હાઉસ રેન્ટ એલાઉન્સ" મળે છે તે નીચેની ત્રણ શરતોની રકમ પૈકીની સૌથી ઓછી જે રકમ હશે તે બાદ મળવાપાત્ર રહેશે.

(૧) કર્મચારીને માલીક તરફથી મળેલી ખરેખર ઘરભાડાની રકમ
(૨) ભાડાની ચુકવણીની રકમ કે જે કર્મચારીના પગારના તેમજ મોંઘવારી ભથ્થાના ૧૦% થી વધતી હોય તેટલી રકમ.
(૩) પગારના ૪૦% ની રકમ.

સને.૨૦૧૩–૧૪ થી હાઉસરેન્ટ એલાઉન્સની બાદબાકી સંદર્ભે સીબીડીટી તરફથી સરકયુલર નં.૦૮/૨૦૧૩, તા.૧૦–૧૦–૨૦૧૩ માં નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવી છે. જેનો દરેક કર્મચારી તેમજ માલીકે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ઉપરોકત સરકયુલરમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યુ છે કે જો કોઈ કર્મચારી વાર્ષીક રૂા.૧ લાખ થી વધુ ભાડુ ચુકવતા હોય, તો તેઓએ મકાન માલીકના પાન કાર્ડની પ્રમાણીત નકલ ભાડાની રસીદ સાથે પોતાના એમ્પ્લોયર (માલીક) ને આપવાની રહેશે.

પાના નં..૫..

Scanned by CamScanner

જો કોઈ કર્મચારીને વાર્ષીક રૂા.૩૬૦૦૦/– થી વધુ એચ.આર.એ. મળતુ હોય, તો તેમણે પણ ભાડાની રસીદ માલીકને આપવાની રહેશે.

જો કોઈ કર્મચારીને વાર્ષીક રૂા.૩૬૦૦૦/– થી ઓછુ એચ.આર.એ.મળતુ હોય, તો તેઓએ કોઈપણ પ્રકારની ભાડાની રસીદ માલીકને આપવાની રહેશે નહિ. આ જોગવાઈનો અર્થ એ નથી કે ભાડાની રસીદ માલીક પાસેથી લેવાની જ નથી. કારણ કે આવકવેરા અધિકારી જરૂર પડયે આ રસીદની કોપી ખરાઈ માટે કરદાતા પાસેથી માંગી શકશે.

૬) **<u>એરીયર્સની રકમ પર મળતી રાહત ૮૯(૧) રીલીફ :–</u>**

આવકવેરા કાયદાની કલમ ૮૯(૧) મુજબ કર્મચારીઓને જયારે પણ પગારના એરીયર્સની રકમ એકી સાથે મળે ત્યારે જો કરદાતા રીલીફ માટેની અરજી કરે તો જે તે ઈન્કમટેક્ષ ઓફીસર ધ્વારા તેને યોગ્ય રાહત આપવામાં આવે છે. આ માટે એરીયર્સની આવક જે તે પાછલા જુદા જુદા વર્ષોમાં બાઈફરકેશન કરવાનુ હોય છે. આથી એકી સાથે મળતી આવક ઉપર ઉંચા દરે ટેક્ષ ભરવાનો થતો નથી અને એકંદરે ટેક્ષમાં રાહત મળે છે. ટેક્ષ માંથી રાહત મેળવવા માટે કરદાતાએ ૧૦–ઈ અને એનેક્ષર (૧)(૨) ના ફોર્મ ભરી ઈન્કમટેક્ષ રીર્ટન સાથે જોડવા પડે છે.

૭) **<u>હાઉસીગ લોન અંગે વ્યાજની કપાત :–</u>**

જો કોઈ કર્મચારીએ પોતાના અંગત રહેઠાણ માટેનુ મકાન ખરીદવા કે બાંધવા માટે લોન લીધી હોય તો આવી હાઉસીગ લોન ઉપર ચુકવવાપાત્ર વ્યાજ તેને વાર્ષીક રૂા.૨,૦૦,૦૦૦/– ની મર્યાદામાં કપાત તરીકે બાદ આપવાની ખાસ રાહતકારક જોગવાઈ આવકવેરાના કાયદાની કલમ ૨૪ હેઠળ કરવામાં આવી છે.

ઉપરોકત રૂા.૨,૦૦,૦૦૦/– ની કપાત તો જ મળી શકશે જો હાઉસીગ લોન તા.૧–૪–૧૯૯૯ પછી થી લેવામાં આવી હોય તેમજ તે હાઉસીગ પ્રોપર્ટી ની ખરીદી અથવા બાંધકામ લોન મેળવ્યા ની તારીખ થી પાંચ વર્ષની અંદર કરવામાં આવેલ હોય. અન્યથા કલમ ૨૪ હેઠળ મળવાપાત્ર કપાત રૂા.૩૦,૦૦૦/– રહેશે.

પાના નં..૬..

Scanned by CamScanner

૮) **મેડીકલ રીઈમ્બર્સમેન્ટ (પ્રોવિઝો ૧૭(૨)) :–**

કોઈપણ કર્મચારીને માલીક ધ્વારા કોઈપણ પ્રકારનુ મેડીકલ રીઈમ્બર્સમેન્ટ ચુકવવામાં આવે તો નીચે મુજબના નિયમોને આધિન કપાત મળવાપાત્ર રહેશે.

૧) કોઈપણ માલીક ધ્વારા કર્મચારી અથવા તેના ફેમીલી મેમ્બર્સ ને થયેલ કોઈપણ બિમારી માટે ગર્વમેન્ટ હોસ્પીટલ અથવા ગર્વમેન્ટ એપ્રુવ્ડ હોસ્પીટલમાં ટ્રીટમેન્ટ આપવામાં આવે, તો તે ટ્રીટમેન્ટ પાછળ થયેલ ખર્ચ કર્મચારી માટે ટેક્ષેબલ ગણાશે નહી એટલે કે આ ખર્ચ સંપુર્ણપણે કરમુકત રહેશે.

૨) કોઈપણ કર્મચારી ધ્વારા તેના પોતાના માટે અથવા ફેમીલી મેમ્બર્સ માટે કોઈપણ પ્રીસ્ક્રાઈબ્ડ બિમારી (રૂલ ૩ એ માં નિર્દિષ્ટ) માટે કોઈપણ પ્રકારનો ખર્ચ કરવામાં આવે અને આ ખર્ચ જો માલીક ધ્વારા રીઈમ્બર્સ કરવામાં આવે તો આ રીઈમ્બર્સમેન્ટ સંપુર્ણ કરમુકત રહેશે. રીઈમ્બર્સમેન્ટ ની રકમ ઉપરોકત બિમારી ઉપર થયેલ ખર્ચ કરતા વધુ હોવી જોઈએ નહિ.

કોઈપણ પ્રીસ્ક્રાઈબ્ડ બિમારીના ખર્ચનુ રીઈમ્બર્સમેન્ટ તો જ કરમુકત ગણાશે જો આ બિમારીની ટ્રીટમેન્ટ ચીફ કમીશ્નર ઓફ ઈન્કમટેક્ષ ધ્વારા માન્ય હોસ્પીટલમાં લેવામાં આવે.

૩) ઉપરોકત બન્ને પેરામાં સમાવિષ્ટ ન થતુ હોય તેવુ કોઈપણ મેડીકલ રીઈમ્બર્સમેન્ટ મહતમ રૂા.૧૫૦૦૦/– સુધી કરમુકત ગણાશે.

૯) **ચેપ્ટર VI એ હેઠળ મળવાપાત્ર ડીડકશન :–**

૧) **રોકાણ સબંધી કપાત :–**

- **કલમ ૮૦ સી/ ૮૦સીસીસી/ ૮૦સીસીડી(૧) :–**

આવકવેરાની કલમ ૮૦ સી, ૮૦સીસીસી તેમજ ૮૦સીસીડી(૧) અનુસાર નીચે મુજબના નિયત રોકાણો ઉપર મહતમ રૂા.૧,૫૦,૦૦૦/– સુધી નુ ડીડકશન આવક માંથી કલેઈમ કરી શકાશે.

પાના નં..૭..

Scanned by CamScanner

૧) લાઈફ ઈન્શ્યોરન્સ પોલીસી પ્રીમીયમ (LIP) ની ચુકવણી.
૨) યુનિટ લિંકડ ઈન્શ્યોરન્સ પ્લાન (ULIP) માં રોકાણ.
૩) સ્ટેચ્યુટરી કે રેકગ્નાઈઝડ પ્રોવિડન્ટ ફંડ કે એપ્રુવ્ડ સુપરએન્યુએશન ફંડમાં કર્મચારી ધ્વારા જમા કરાવવામાં આવતો ફાળો.
૪) પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) માં રોકાણ.
૫) હાઉસીગ લોનના ઈન્સ્ટોલમેન્ટની ચુકવણી કે મકાન–મિલ્કત માટે સ્ટેમ્પ ડયુટ, રજીસ્ટ્રેશન ખર્ચ વગેરેની ચુકવણી.
૬) પાંચ વર્ષીય ' નેશનલ સેવિંગ્સ સર્ટીફીકેટ' (NSC) માં રોકાણ તથા NSC માં વર્ષોવર્ષ જમા થતુ વ્યાજ (Accrued Interest).
૭) હોમ લોન એકાઉન્ટ સ્કીમમાં રોકાણ.
૮) જીવન વિમા નિગમ કે અન્ય વીમાકારની વર્ષાસન યોજના (Annuity Plan) માં રોકાણ.
૯) સુકન્યા સમૃધ્ધી યોજનામાં રોકાણ
૧૦) યુ.ટી.આઈ. કે માન્ય મ્યુચ્યુઅલ ફંડ ધ્વારા સ્થપાયેલ 'પેન્શન ફંડ' માં રોકાણ.
૧૧) માન્ય મ્યુચ્યુઅલ ફંડની 'ઈકિવટી લિંકડ સેવિંગ્સ સ્કીમ' (ELSS) ના યુનિટસમાં રોકાણ.
૧૨) બે બાળકોના શિક્ષણ માટે ટયુશન ફી સંબંધી ખર્ચ.
૧૩) ઈન્ફ્રાસ્ટ્રકચર, પાવર કે ટેલીકોમ કંપનીના શેર કે ડિબેન્ચરમાં રોકાણ કે આવી કંપનીમાં રોકાણ કરતા મ્યુચ્યુઅલ ફંડના યુનિટસ અથવા Tax Savings Bond માં કરાયેલ રોકાણ.
૧૪) શીડયુલ્ડ બેન્કની પાંચ વર્ષીય 'ટેક્ષ સેવિંગ્સ ડિપોઝિટ સ્કીમ' માં રોકાણ.
૧૫) સીનીયર સિટિઝન્સ સેવિંગ્સ સ્કીમમાં રોકાણ.
૧૬) પાંચ વર્ષીય પોસ્ટ ઓફીસ ટાઈમ ડીપોઝીટમાં રોકાણ.
૧૭) એન.પી.એસ.હેઠળ કર્મચારીના પગાર માંથી થયેલ કપાત.

- **કલમ ૮૦ સીસીડી(૨) :–**

કલમ ૧૭ હેઠળ કરાયેલી જોગવાઈ અનુસાર, માલીક ધ્વારા એન.પી.એસ.માં કર્મચારીના ખાતે જમા કરવામાં આવતા ફાળાને કર્મચારીની આવક માની લેવામાં આવશે, પરંતુ કલમ ૮૦સીસીડી (૨) અન્વયે આવા ફાળાને કપાત તરીકે મજરે મળવાપાત્ર ગણાશે. આ કપાત કર્મચારીના પગારના ૧૦% ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.

પાના નં..૮..

Scanned by CamScanner

- **<u>કલમ ૮૦ સીસીડી (૧બી) :–</u>**

નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ થી આ વધારાની કપાતનો લાભ મહતમ રૂા.૫૦૦૦૦/– સુધી મેળવી શકાશે. આ કલમ અંતર્ગત કોઈપણ વ્યકતી NPS (Tier.I) એકાઉન્ટમાં રોકાણ કરીને વધારાની કપાતનો લાભ મહતમ રૂા.૫૦૦૦૦/– ની મર્યાદામાં મેળવી શકશે.

- **<u>કલમ ૮૦ સીસીજી ( રાજીવ ગાંધી ઈકવીટી લીક સેવીગ સ્કીમ) :–</u>**

કલમ ૮૦ સીસીજી હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા આપવામાં આવતી કપાતને નાબૂદ કરવામાં આવેલ છે.

૨) **<u>મેડીકલેઈમ ઈન્શ્યોરન્સ સંબંધી કપાત (૮૦ ડી) :–</u>**

કલમ ૮૦ ડી ની જોગવાઈઓ અનુસાર કોઈપણ કરદાતા પોતાના, પોતાના લગ્ન સાથીના અને બાળકોના સ્વાસ્થ્ય માટે લીધેલા મેડીકલ ઈન્શ્યોરન્સ નુ પ્રીમીયમ મહતમ રૂા.૨૫૦૦૦/– સુધી બાદ મળી શકશે. જો કરદાતા પોતે સીનીયર સીટીઝન હોય તો મહતમ રૂા.૩૦૦૦૦/– સુધી બાદ મળી શકશે.

જો વ્યકતી પોતાના માતા–પિતા નુ પણ મેડીકલેઈમ પ્રીમીયમ ભરતી હોય તો તેવા કેસમાં તેને વધારાની રૂા.૨૫૦૦૦/– ની કપાતનો લાભ મળી શકશે. વળી, જો તેના માતા, પિતા કે પત્ની ત્રણેય માંથી કોઈપણ સીનીયર સીટીઝન હોય તો તેવા કેસમાં વધારાની રૂા.૩૦૦૦૦/– ની કપાતનો લાભ મળશે. આમ કલમ–૮૦ડી હેઠળ હવે વ્યકતીને અસરકારક સ્વરૂપે રૂા.૫૦૦૦૦/– (પોતાના કુટુંબ ના રૂા.૨૫૦૦૦/– + માતા–પિતાના રૂા.૨૫૦૦૦/–) અથવા રૂા.૫૫૦૦૦/– (પોતાના કુટુંબના રૂા.૨૫૦૦૦/– + સીનીયર સીટીઝન માતા, પિતા કે પત્નીના રૂા.૩૦૦૦૦/–) ની કપાતનો લાભ મળી શકશે.

પાના નં..૯..

Scanned by CamScanner

કરદાતા પોતે સીનીયર સીટીઝન હોય તો ઉપરોક્ત રૂા.૨૫૦૦૦/– ને બદલે રૂા.૩૦૦૦૦/– ની રકમ ઘ્યાનમાં લેવી.

સેન્ટ્રલ ગર્વમેન્ટ હેલ્થ સ્કીમમાં અપાયેલ ફાળાની રકમ પણ કલમ ૮૦ડી હેઠળ કપાતને પાત્ર ગણાશે. તેની મર્યાદા પણ ઉપરોક્ત પ્રમાણેની જ રહેશે.

કલમ ૮૦ડી હેઠળની કપાતના વ્યાપનો વિસ્તાર કરીને નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ થી એવી જોગવાઈ કરવામાં આવી છે કે કરદાતા એ પોતાના, પોતાના કુટુંબના સભ્યો અથવા તેના માતા પિતા ના પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ માટે કોઈ ખર્ચ કર્યો હોય તો આવા ખર્ચ સંબંધી વધુમાં વધુ રૂપિયા ૫૦૦૦/– સુધી , પરંતુ કલમ ૮૦ડી હેઠળની કુલ રૂા. ૨૫૦૦૦/– /રૂા. ૩૦૦૦૦/– ની ઉપરોક્ત કપાતની મર્યાદા માં લાભ મળી શકશે.

૩) <u>શારીરિક કે માનસીક રીતે અશકત એવા આશ્રિતોની તબીબી સારવાર માટે કરેલા ખર્ચ અંગે મળતી કપાત (૮૦ ડીડી) :–</u>

કોઈપણ કર્મચારી કલમ ૮૦ ડીડી હેઠળ પોતાના પર આશ્રિત હોય તેવી કોઈ શારીરિક કે માનસિક રીતે અશકત વ્યકિતની તબીબી સારવાર તાલીમ કે પુનર્વસવાટ માટે કરવામાં આવેલ ખર્ચ અથવા આવી વ્યકતી ના ભરણપોષણ માટે જીવન વિમા નિગમ કે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા ઘ્વારા પ્રાયોજીત અને આ હેતુસર સી.બી.ડી.ટી. ઘ્વારા માન્ય કરવામાં આવેલ યોજના હેઠળ કરવામાં આવેલ રોકાણના સંદર્ભમાં કપાત બાદ આપવામાં આવે છે.

જો કોઈપણ આશ્રિત હોય તેવી કોઈ શારીરિક કે માનસિક રીતે અશકત વ્યકિતની ડીસેબીલીટી ૪૦% થી વધુ હોય તો મહતમ મળવાપાત્ર કપાત રૂા.૭૫,૦૦૦/– રહેશે અને જો તે વ્યકિતની ડીસેબીલીટી ૮૦% થી વધુ હોય તો મહતમ મળવાપાત્ર કપાત રૂા.૧,૨૫,૦૦૦/– રહેશે.

આ કપાત મેળવવા માટે કર્મચારીએ મેડીકલ ઓર્થોરીટી પાસેથી ફોર્મ નં.૧૦ આઈ.એ. મેળવીને આપવાનુ રહેશે.

પાના નં..૧૦..

Scanned by CamScanner

૪) **ગંભીર રોગ કે બિમારીથી પીડાતા કર્મચારી તેમજ તેના આશ્રિતોની તબીબી સારવાર માટે કરેલ ખર્ચ અંગે મળતી કપાત (૮૦ ડીડીબી) :-**

કલમ ૮૦ ડીડીબી ની જોગવાઈઓ અનુસાર આ માટે આવકવેરા નિયમો હેઠળ જાહેર કરવામાં આવે તેવા કોઈ ગંભીર રોગ કે બિમારીથી પીડાતા કર્મચારી કે તેના કોઈ આશ્રિત સગાની તબીબી સારવાર માટે કર્મચારીએ કોઈપણ ખર્ચ કર્યા હોય તો તેવા કેસમાં તેને તેની કુલ ગ્રોસ આવક માંથી રૂા.૪૦,૦૦૦/- ની કપાત બાદ આપવામાં આવશે, વધુમાં જો કર્મચારી કે તેના કોઈ આશ્રિત સગા "સીનીયર સીટીઝન" હોય તો તેવા કેસમાં રૂા.૬૦,૦૦૦/- ની કપાત બાદ મળશે. અલબત આ સંદર્ભમાં એવી સ્પષ્ટતા કરાઈ છે કે જો આ તબીબી સારવારના સંદર્ભમાં વિમા કંપની તરફથી કોઈ રકમની ચુકવણી કરવામાં આવે તો તેને ઉપરોક્ત કપાતની રકમ માંથી બાદ કરાશે અને બાકી રહેતી રકમ કપાત તરીકે મજરે મળશે.

આવકવેરા નિયમ ૧૧ ડીડી હેઠળ કલમ ૮૦ ડીડીબી ના હેતુસર જાહેર કરાયેલા ગંભીર રોગો / બિમારીઓની યાદી નીચે મુજબ છે.

૧) માનસીક રોગો
૨) કેન્સર
૩) એઈડઝ
૪) ક્રોનિક રીનલ ફેઈલર (કીડની ફેઈલર)
૫) હીમોફિલીયા તેમજ થેલીસીમીયા

આ કપાતનુ પ્રમાણ ઉપરોક્ત હેતુસર કર્મચારીએ ખરેખર કરેલુ ખર્ચ અથવા રૂા.૪૦,૦૦૦/- ( કે રૂા.૬૦,૦૦૦/-), બે માંથી જે રકમ ઓછી હોય તેના આધારે આપવામાં આવશે.

આ કપાત મેળવવા માટે કર્મચારીએ મેડીકલ ઓર્થોરીટી પાસેથી ફોર્મ નં.૧૦ આઈ. મેળવીને આપવાનુ રહેશે.

પાના નં..૧૧..

Scanned by CamScanner

૫) **ઉચ્ચ શિક્ષણ માટે લીધેલ લોનના વ્યાજની ચૂકવણી સંબંધી કપાત (૮૦ ઈ) :-**

કલમ ૮૦ ઈ ની જોગવાઈઓ અનુસાર કોઈપણ કર્મચારી પોતાના અથવા પોતાના સગા માટે ઉચ્ચ શિક્ષણ માટે કોઈ બેન્ક કે નાણાકીય સંસ્થા અથવા આવકવેરાના કાયદા હેઠળ માન્ય જાહેર ધર્માદા ટ્રસ્ટ પાસેથી લોન લીધી હોય તો વર્ષ દરમ્યાન તેણે આવી લોનનુ ચૂકવેલ વ્યાજ અર્થે તેની કુલ ગ્રોસ આવક માંથી કપાત તરીકે બાદ મળી શકશે.

૬) **દાનમાં આપેલ રકમ અંગે મળી શકતી કપાત (૮૦ જી) :-**

કલમ ૮૦ જી હેઠળ જો કોઈ કર્મચારી પ્રાઈમ મીનીસ્ટર રીલીફ ફંડ તેમજ અન્ય સી.બી.ડી.ટી. દ્વારા નિર્દિષ્ટ કરેલ ફંડમાં દાન આપે તો આ દાનમાં આપેલી રકમ ૧૦૦% ડીડકશન ને પાત્ર ગણાશે.

ઉપરોક્ત ફંડમાં નિર્દિષ્ટ ન થતી હોય તેવી કોઈપણ ૮૦ જી(૫) માન્ય સંસ્થામાં કોઈ કર્મચારી દાન આપે તો આ દાનની રકમના ૫૦% ડીડકશનને પાત્ર ગણાશે.

ઉપરોક્ત સંદર્ભ માં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ થી અમલી સુધારા અનુસાર એવી જોગવાઈ કરવામાં આવી છે કે રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાનની રકમના સંદર્ભમાં, જો આવું દાન રોકડ સિવાય, અર્થાત ચેક કે ડ્રાફ્ટ સ્વરૂપે આપવામાં આવ્યું હોય તોજ, તેના સંબંધી કલમ ૮૦જી હેઠળની કપાતના લાભ મળી શકશે.

૭) **અંધ, અપંગ અને મંદબુધ્ધિની વ્યકિતઓને મળી શકતી વિશિષ્ટ કપાત (૮૦ યુ) :-**

કલમ ૮૦ યુ હેઠળ અંધ અથવા કાયમી સ્વરૂપે શારીરિક રીતે અપંગ અથવા મંદબુધ્ધિ ધરાવતા એવા કોઈપણ કર્મચારી પોતાના અંધપણાનુ, અપંગતાનુ કે મંદબુધ્ધિપણાનુ સરકારી અથવા સ્થાનીક સંસ્થા સંચાલીત હોસ્પીટલના ડોકટરનુ નિયત સર્ટીફીકેટ રજુ કરે તો તેની કુલ ગ્રોસ આવક માંથી નીચે મુજબની રકમ બાદ મળી શકશે.

પાના નં..૧૨..

૧) ૪૦% કે તેથી વધુ ડીસેબીલીટી ધરાવતા કર્મચારીને રૂા.૭૫,૦૦૦/– ની કપાત મળશે.

૨) ૮૦% કે તેથી વધુ ડીસેબીલીટી ધરાવતા કર્મચારીને રૂા.૧,૨૫,૦૦૦/– ની કપાત મળશે.

## ૮) સેવિંગ્સ એકાઉન્ટ વ્યાજ સંબંધી કપાત ની જોગવાઈ (૮૦ટીટીએ):–

કલમ ૮૦ટીટીએ હેઠળ એવી જોગવાઈ કરવામાં આવી છે કે વ્યકિત અથવા એચ.યુ.એફ. હોય તેવા કરદાતા ના કેસ માં વધુમાં વધુ રૂા.૧૦૦૦૦/– ની મર્યાદા માં, કોઈપણ બેંક ,કો–ઓપ. બેંક કે પોસ્ટ ઓફીસના સેવિંગ્સ એકાઉન્ટ ના વ્યાજ ને કુલ ગ્રોસ આવક માંથી કપાત તરીકે બાદ આપવામાં આવશે.

## ૯) કર્મચારીને આપવામાં આવતી મુસાફરી સહાય(એલ.ટી.સી.) સંબંધીત જોગવાઈ:–

કલમ ૧૦(૫) અન્વયે ,કર્મચારીને નોકરી દરમ્યાન ભારતમાં કોઈપણ સ્થળે રજા પર જવા માટે જે એલ.ટી.સી. આપવામાં આવે તે કર્મચારીએ મુસાફરી માટે કરેલ ખર્ચ ની મર્યાદામાં કરમુકત ગણાશે. મહદઅંશે દરેક માલિક (એમ્પલોયર) ઘ્વારા કર્મચારીએ કરેલ મુસાફરી ખર્ચ એલ.ટી.સી તરીકે આપવામાં આવે છે. આમ અસરકારક રીતે એલ.ટી.સી. ની બધીજ રકમ કરમુકત રહે છે.

માલિક (એમ્પલોયર) ઘ્વારા ઘણી વખત કર્મચારીને એલ.ટી.સી. સંબંધીત લીવ એન્કેશમેન્ટ (રજા પગાર) આપવામાં આવે છે. આ રજા પગાર કરપાત્ર છે કે કરમુકત તેની કોઈ સ્પષ્ટતા કલમ ૧૦(૫) માં કરવામાં આવેલ નથી. પરંતુ કલમ ૧૦(૫) માં એવી જોગવાઈ સ્પષ્ટ પણે કરવામાં આવેલ છે કે એલ.ટી.સી. સંબંધી કોઈપણ કપાત મુસાફરી પાછળ કરવામાં આવેલ ખર્ચથી વધુ હોઈ શકે નહિ.

પાના નં..૧૩..

Scanned by CamScanner

આથી ઉપરોક્ત સ્થિતી ને ધ્યાનમાં લેતા જેને સી.સી.ઓ. (ટ્રેનીંગ એન્ડ ઓબ્ઝર્વીંગ ઓફીસર) એ એલ.ટી.સી. નો રજા પગાર કર્મચારી ને બાદ આપવું એ સલાહભર્યું નથી. હાલમાં બોર્ડ પર્ટે, ઘણા પણ કેટલાક ટ્રેનીંગ તેમજ ટ્રેનીંગ પ્રોગ્રામમાં પણ આ રજા પગાર આવક તરીકે લેવા માટે જણાવવામાં આવેલ છે.

જેને કર્મચારી એ મુસાફરી પાછળ કરેલ ખર્ચ જો મળેલ એલ.ટી.સી. કરતા વધુ હોય તો પોતાના અંગત આવક વેરાના રીટર્નમાં કરેલ મુસાફરી ખર્ચ ના બધા પુરાવા બીડીને પોતાની રીતે આવક વેરા અધિકારી પાસેથી બાદ લઈ શકશે. અને આ રજા પગાર આવક વેરામાં બાદ લેવાની સંપૂર્ણ જવાબદારી જે તે કર્મચારી ની અંગત રહેશે.

૧૦) <u>રહેઠાણના મકાનની સવલત (Rent Free Accommodation)</u>

પગારદાર કર્મચારીને તેના માલીક તરફથી ભાડા મુક્ત રહેઠાણની સવલતના સંદર્ભમાં તેનુ મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવશે.

૧) <u>જ્યારે રહેઠાણની જગ્યા ફર્નીચર વગરની હોય :-</u>

કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા મકાનની ફાળવણી માટેના નિયમો મુજબ મુકરરપાત્ર લાયસન્સ ફી ની રકમ, કર્મચારીએ આવક તરીકે લેવાની રહેશે. જો કે આ રકમ માંથી કર્મચારી દ્વારા ચુકવવામાં આવેલ રકમ બાદ કરવામાં આવશે.

૨) <u>જ્યારે રહેઠાણની જગ્યા ફર્નીચર સાથે હોય :-</u>

ઉપરોક્ત પેરા ૧ મુજબની ગણતરી કરી તેમા ફર્નીચરની કીંમતના ૧૦% રકમ ઉમેરવાની રહેશે.

ઉપરોક્ત રહેઠાણના મકાનની સવલત માલીક (Employer) દ્વારા આપવામાં આવી હોય તો જ આ જોગવાઈ લાગુ પડશે.

END

Scanned by CamScanner